**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૦ ટકા

# ગુડા દ્વારા એલઈડી સ્ટ્રીટ લાઈટનું કામ આરંભાયું

ગાંધીનગર, તા.૧૩

ગુડા દ્વારા ટી.પી. સ્કીમ નં. ૯ (વાસણા હડમતિયા-સરગાસણ) ગામમાં ૧૮ મીટર રોડ ઉપર અંદાજે ૪૩ લાખના ખર્ચે ૧ કિમી લંબાઈમાં ૧૨૫ એલ.ઈ.ડી. સ્ટ્રીટલાઈટનું ભુમિપુજન કરવામાં આવ્યું હતું તથા એ જ રોડનું ગુડા દ્વારા રીસરફેસીંગ (ડામર કામ) કરવામાં આવશે. જેના થકી વાસણા હડમતિયા ગામમાં જતા રહીશોને તથા આજુબાજુની તમામ સોસાયટીના વિસ્તારોને સુવિધા ઉપલબ્ધ થશે.

જેમાં ગુડાના અધ્યક્ષ આશિષકુમાર દવેના વરદ હસ્તે ભુમિપુજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ, જિલ્લા ભાજપ મહામંત્રી આઈ.બી.વાઘેલા, ભાજપ મહામંત્રી અનિલભાઈ પટેલ, કમલેશભાઈ જાની, ગ્રામ પંચાયતના સભ્યો અને આજુબાજુ વિસ્તારની તમામ સોસાયટીના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સે-૨૫માંથી બાઈક ચોરીને સે-૨૪માં મુકયુ અને ત્યાંથી ચોર વર્ના ઉઠાવી ગયો

ગાંધીનગર, તા.૧૩

સેકટર-૨૫માં ગઈ રાત્રે વાહનચોરો ઘુસ્યા હતા અને એક બાઈકની ઉઠાંતરી કરી હતી. ચોર ત્યાંથી સે-૨૪માં ગયા અને બાઈક ત્યાં મુકીને વર્ના કાર ચોરી કરી ભાગી ગયા હતા. એલસીબીની ટીમને આજે ચોરીની વર્ના કાર સે-૨૫ જીઆઈડીસીથી બિનવારસી હાલતમાં મળી આવી છે. એલસીબીની ટીમે ચોરીનું બાઈક અને વર્ના રીકવર કરી લઈ ચોર સુધી



પહોંચવા દોડધામ શરુ કરી છે.

ગઈ રાત્રિ દરમિયાનમાં બનેલી આ વાહનચોરીની બે ઘટનાઓ અંગે વાહનમાલિકો સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયા હતા અને તપાસ માટે સે-૨૧ પોલિસ સે-૨૪માં ગઈ ત્યારે ચોરાયેલું બાઈક ત્યાંથી મળ્યું હતું. સે-૨૧ પી.આઈ. જતીન પ્રજાપતિએ એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતને આ હકીકતથી વાકેફ કર્યા હતા. એલસીબી પી.આઈ.એ તેમની ટીમ ફરતી કરી દીધી હતી. દરમિયાન પીએસઆઈ કે.જે. રાઠોડ અને તેમની ટીમને સે-૨૫ જીઆઈડીસી સંઘાણી ટેકનોલોજીસ પ્રા.લી. કંપનીની સામેથી બિનવારસી પડેલી વર્ના કાર મળી આવી હતી. સે-૨૪માંથી વર્ના ચોરાઈ હતી ત્યાંથી ચોરીનું બાઈક અને સે-૨૫ જીઆઈડીસીથી ચોરીની વર્ના શોધી કાઢીને એલસીબીએ બંને ચોરીના વાહનો રીકવર કરી લઈ વાહનચોર સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે.

## @ગાંધીનગર

● કલરવ સંસ્થાનો બાલોત્સવ-૨૦૧૭ સેકટર-૧૭માં ટાઉનહોલ ખાતે સવારે ૮ કલાકે યોજાશે.

● વાવોલ ગ્રામ પંચાયત કચેરી ખાતે સમસ્ત વાવોલ ગામના રહીશો દ્વારા આયોજિત સ્વૈચ્છિત રકતદાન શિબિર સવારે ૯ કલાકે યોજાશે.

● ગાંધીનગરના રાજપૂત સમાજ દ્વારા આયોજિત તૃતીય જીવનસાથી પસંદગી મેળો સે-૧૨માં રાજપૂત સમાજ ભવન ખાતે સવારે ૧૦ કલાકે યોજાશે.

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગરની સામાન્ય સભા સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન ટાઉનહોલની લોનમાં યોજાશે.

# ભાટ મધર ડેરીની વહીવટી ઓફીસમાં રાત્રે ભીષણ આગ

**ચાર કલાકની જહેમતે ફાયર બ્રિગેડે આગ કાબુમાં લીધી : ૪૦થી વધુ કોમ્પ્યુટર્સ, ફર્નિચર અને ૩૦ વર્ષ જુના રેકોર્ડ બળીને ખાખ : લાખોના સામાનનું નુકશાન**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ માર્ગ પર આવેલા ભાટ ગામની સીમમાં સ્થિત મધર ડેરીની વહીવટી ઓફિસમાં ગઈ રાત્રે ભીષણ આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. અમદાવાદ ફાયરબ્રિગેડનો કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો અને ચાર કલાકની જહેમતે આગને કાબુમાં લીધી હતી. ૪૦થી વધુ કોમ્પ્યુટર, ફર્નિચર સહિત લાખો રૂપિયાનો માલસામાન બળીને ખાખ થઈ જવા પામ્યો છે. તે ઉપરાંત ૩૦ વર્ષ જુના રેકોર્ડ પણ બળી જવા પામ્યા છે. અડાલજ પોલિસે એફએસએલની મદદ લઈ આગ અંગે ઝીણવટભરી તપાસ આરંભી છે.

ભાટ ગામની સીમમાં આવેલી અમુલ સંચાલિત મધર ડેરીની વહીવટી ઓફિસની બિલ્ડીંગમાં ગઈ રાત્રે નવેક વાગ્યાના અરસામાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. કોઈ કારણોસર ભભુકેલી આ ભીષણ આગથી ડેરી સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. તાત્કાલિક ફાયરબ્રિગેડને ઘટના અંગે જાણ કરી દેવાતા અમદાવાદ ફાયરબ્રિગેડનો કાફલો ફાયર ફાઈટરો સાથે બનાવ સ્થળ પર પહોંચી ગયો હતો અને સતત ચાર કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને ભારે જહેમત બાદ કાબુમાં લીધી હતી. સદભાગ્યે આ આગ દુર્ઘટનામાં કોઈને ઈજાઓ કે કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ લાખો રૂપિયાનો માલસામાન બળી ગયો હોવાનું જાણવા મળ્યું છે. ડેરીની વહીવટ ઓફીસમાં મુકેલો ૩૦ વર્ષનો રેકોર્ડ સાફ થઈ ગયો છે તે ઉપરાંત ૪૦થી વધુ કોમ્પ્યુટર્સ અને કિંમતી ફર્નિચર બળીને ખાખ થઈ ગયું છે. અડાલજ પોલિસે એફએસએલની ટીમ બોલાવી આગ લાગવા પાછળનું કારણ બહાર લાવવા વૈજ્ઞાનિક ઢબે ઉંડી તપાસ આરંભી છે.જો કે હજુ સુધી આગનું ચોકકસ કારણ જાણી શકાયું નથી.

# સેકટર-૨૬ ગ્રીનસીટીમાં પાણીની પારાયણ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના ઔદ્યોગિક ઝોન પાસે આવેલ સેકટર-૨૬ ગ્રીનસીટીમાં છેલ્લા ૧૭ દિવસથી પાણીની પારાયણ ઉભી થઈ છે. છેલ્લા ઘણા વર્ષોથી આ સ્થિતિનો ભોગ વસાહતીઓને બનવું પડી રહ્યું છે.

ગાંધીનગર શહેર જયારથી અસ્તિત્વમાં આવ્યું ત્યારથી ગ્રીનસીટી સે-૨૬ને ગેઝીયામાં સમાવી તેના સમારકામની જવાબદારી લેવામાં આવી હતી છતાં છેલ્લા ઘણા વર્ષોથી કોર્પોરેશન બનતા તેની હદમાં ગણવામાં આવે છે ત્યારે ગ્રીનસીટીમાં છેલ્લા ૧૭ દિવસથી પાણીની પારાયણ ઉભી થઈ છે અને પાણી માટે ઘરની લીધેલી સ્પેશીયલ લાઈનમાં પણ પાણી મળ્યું નથી. વસાહતીઓને દર ઉનાળામાં ભોગવવાનું હોય છે. વારંવાર રજુઆત કરવા છતાં આ બાબતનો કોઈ કાયમી ઉકેલ આવતો નથી. કોર્પોરેટર ચુંટણી જીત્યા પછી પ્રજાના કામ હોય ત્યારે ખોવાઈ જાય છે. પ્રજા પહેલા મત આપવા અને હવે છેલ્લા ૧૭ દિવસથી પાણી માટે લાઈનમાં ઉભી છે. સે-૨૬ ગ્રીનસીટીમાં રણવાસનો અનુભવ થઈ રહ્યો છે અને તેનો પડઘો આગામી ચુંટણીમાં ચોકકસ પડશે તેવું વસાહતીઓ કહી રહ્યા છે.

# ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની માસિક બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની માસિક બેઠક પ્રમુખશ્રી ભાનુકાન્ત પરમારના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં દલિતો, ગરીબોના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. ૨૦૧૬-૧૭ના હિસાબો ખજાનચી શ્રી પાનાચંદ પરમારે રજુ કર્યા હતા. એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા ડૉ. આંબેડકર હોલમાં જુન માસમાં મળશે સાથે સાથે નબળા વર્ગોને સ્પર્શતા કાયદાઓ અને જ્ઞાનગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈન્ડિયન આર્મીના એવોર્ડ વિજેતા સૈનિકશ્રી દિનેશભાઈ રાઠોડના ખૂન અંગે વડાપ્રધાનને કરેલ રજુઆતના અનુસંધાનમાં પીએમઓની ઓફિસે ગુજરાત રાજયના મુખ્ય સચિવને યોગ્ય પગલા લેવા અને તેની જાણ અરજદારને તથા પીએમઓની ઓફિસને કરવા માટે જણાવાયું હતું. તથા તેનાથી સભ્યોને વાકેફ કરવામાં આવ્યા હતા. સમિતિની બેઠક વ્યવસ્થા કરવા બદલ ખુશાલભાઈ પરમારે એસોસીએશન વતી ડૉ. અમૃતલાલનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યવાહીનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈએ કર્યું હતું.

# કુડાસણ પાસે બાઈક પર જતાં યુવાનનો મોબાઈલ લુંટાયો

**બાઈક લઈને આવેલા બે શખ્સો કોલ ચાલુ હતો ત્યારે મોબાઈલ ઝુંટવીને રફફુચક્કર થઈ ગયા**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરને અડીઆવેલા કુડાસણ પાસે બાઈક પર જતા એક યુવાનનો મોબાઈલ પર પત્નિનો કોલ ચાલુ હતો તે દરમિયાન બીજા બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો તેની નજીક ગયા અને ચાલુ બાઈકે મોબાઈલ ઝુંટવી લઈ મોબાઈલની લુંટ કરી બંને શખ્સો બાઈક પર રફફુચક્કર થઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલિસે ગુનો દાખલ કરીને સીસીટીવી તપાસવાની કામગીરી શરુ કરી છે.

કુડાસણ ખાતે રહેતો ૨૯ વર્ષીય યુવાન અશોકજી છનાજી ઠાકોર ગઈ કાલે પોતાનું બાઈક લઈને કુડાસણ 'પાન કા અડ્ડા'ની સામેથી મોબાઈલ પર પત્નિ સાથે વાત કરતા કરતા જઈ રહ્યો હતો ત્યારે લુંટારુંઓએ તે યુવાનને ટાર્ગેટ બનાવ્યો હતો. લાલ રંગના બાઈક પર આવલા બે અજાણ્યા શખ્સો અશોકજીના બાઈક નજીક પહોંચ્યા અને રૂ. ૧૫ હજારની કિંમતનો મોબાઈલ ચાલુ કોલે જ ઝુંટવી લઈ મોબાઈલની લુંટ ચલાવી બંને શખ્સો બાઈક પર ફરાર થઈ ગયા હતા. મોબાઈલની લુંટ અંગે અશોકજી ઠાકોરે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પીએસઆઈ એમ.આર. પટેલે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ આરંભી છે. જે વિસ્તારમાંથી મોબાઈલની લુંટ થઈ તેની આસપાસના વિસ્તારમાં ઘણી દુકાનોની બહાર સીસીટીવી કેમેરા લાગેલા હોવાથી તેના ફુટેજમાં લુંટારુંઓ સુધી પહોંચવાની કડી મળે તેવી પ્રબળ શકયતા છે.

# સાયન્સ કોલેજ ખાતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ તથા ફાયરસેફટી ડેમોન્સ્ટ્રેશનનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે આગામી તા. ૧૭મી મેના રોજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ફાયર સેફટી ઈકિવપમેન્ટના ડેમોન્સ્ટ્રેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં એનડીઆરએફ દ્વારા અત્યાધુનિક સાધનો, વાહનો તથા રેસ્કયુ ઈકિવપમેન્ટનું પ્રદર્શન કરવા સાથે અદ્યતન ટેકનિકનું નિદર્શન પણ કરવામાં આવશે.

દેશમાં ઔદ્યોગિક ક્ષેત્રે થઈ રહેલા વિકાસને પગલે આગ, મકાનો પડવા, અકસ્માતો થવા જેવી દુર્ઘટનાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. આ પ્રકારની દુર્ઘટનાઓ સર્જાય ત્યારે નાગરિકોએ શું સાવધાની રાખવી તથા કેવા પગલાં લેવા તે અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાના આશયથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. કાર્યક્રમનું આયોજન નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ-એનડીઆરએફ તથા વનશ્રી ટ્રસ્ટ સંચાલિત રિજિયોનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફાયર એન્ડ સેફટી દ્વારા કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં નિઃશુલ્ક પ્રવેશ છે પરંતુ રજીસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. રજીસ્ટ્રેશન માટે મો.નં. ૯૪૦૮૨૧૭૮૪૩ પર અથવા વાવોલમાં સૂર્યા સિનેમાની બાજુમાં વાવોલ ખાતે ફાયર કોલેજનો સંપર્ક સાધવા જણાવાયું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**પંક્તિ વાઘેલા**

**ગાંધીનગર ગમે**

અપ્રતીમ સુંદરતા, મનોહર ખુલ્લાપણું તેમજ હરિયાળીને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી અને આદર્શ નાગરિકો કહી શકાય એવા સેવાભાવી નાગરિકો ગાંધીનગર શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, કીપ સ્માઈલિંગ ગૃપ, ગ્રો ફાઉન્ડેશન, , જી ઈ કલબ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા કરવામાં આવતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સમાજલક્ષી કાર્યોમાં યુવા વર્ગ જોડાય તે માટે વ્યવસ્થા, વાતાવરણ ઊભું કરવું જોઈએ એવું મારું માનવું છે.

**નગર માટે હું કરી શકું**

યુવા વિકાસ, રોજગારી, શિક્ષણ, તાલીમ માટે મારી સહાય પૂરી પાડવા હું તૈયાર છું.

# ગાંધીનગરમાં સેનમા-રાવત સમાજનો સોળમો સમુહલગ્નોત્સવ યોજાશે

**૪૩ નવયુગલો પ્રભુતામાં પગલા પાડશે : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને અન્ય રાજકીય આગેવાનો, સાધુ-સંતો, સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા સોળમો સમુહલગ્નોત્સવ ૧૫મીએ યોજવામાં આવશે. સમુહલગ્નમાં ૪૩ નવયુગલો પ્રભુતામાં પગલાં પાડશે. ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ખાસ ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વાદ આપશે.

રાજયમાં વસતા સેનમા-રાવત સમાજના સર્વાંગીણ વિકાસ માટે પ્રયત્નશીલ રહેતી સંસ્થા ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા સમાજનો આ સોળમો સમુહલગ્નોત્સવ સે-૬ પથિકાશ્રમ પાસેના પેટ્રોલપંપ નજીક ખુલ્લા મેદાનમાં યોજવામાં આવશે. સમુહલગ્નમાં ગુજરાતના કર્મઠ બાહોશ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમાર, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, રાજયસભાના સાંસદ ઝાંઝરકા ગાદીપતિ પૂજય શંભુનાથજી, રાવત રામજી મંદિર સિધ્ધપુર ગાદી મહંત પ્રકાશબાપુ, જયમાડી કૈયલધામ અને અન્ય દાતાશ્રીઓ હાજરી આપશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કાર્યદક્ષ પ્રમુખશ્રીને ગુજરાત સરકારના શ્રમ-રોજગાર વિભાગના સંસદીય સચિવ પુનમભાઈ મકવાણા, સંસ્થાના મહામંત્રી રમેશભાઈ ગુંજેટીયા, અંત્યોદય વિકાસ નિગમના ડીરેકટર ચંદનભાઈ રાણા, સંસ્થાના કાર્યાલય મંત્રી અમરતભાઈ પરમાર, યુવક સમિતિના કન્વીનર હિતેશભાઈ મકવાણા, ડાહ્યાભાઈ ઘમેડીયા, વિઠ્ઠલભાઈ રાવત, નટવરભાઈ કે. રાવત, એડવોકેટ રમેશ રાવત સહિતના આગેવાનો ખુબ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ચૌધરી નર્સિંગ કૉલેજ ખાતે 'નર્સ-ડે' ની ઉજવણી



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ચૌધરી નર્સિંગ કૉલેજ ખાતે નર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત મહેમાનો દ્વારા વિવિધ માર્ગદર્શનની સાથે માહિતી પુરી પાડવામાં આવી હતી.

ગાંધીનગરના સેકટર-૭ ખાતે આવેલ શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓ પૈકી ચૌધરી નર્સિંગ કૉલેજ ખાતે નર્સ ડે નિમિત્તે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિન્સીપાલ મયુક જૈન, આસિ.પ્રોફેસર રિધ્ધિ પટેલ અને ફેકલ્ટી ઉપસ્થિત રહી નર્સ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે આ પ્રસંગે બાર્બી ઠાકોરે નર્સ નું મહત્વ સમજાવી સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. જ્યારે આ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરાયું હતું. નર્સ સાથે સંકળાયેલી સેવાઓના ચાર્ટ પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## દુઃખદ અવસાન

ધનસુરા તાલુકાના આંબલીયારા ગામના ધીરૂભાઈ બબાભાઈ ચૌહાણનું આકસ્મિક અવસાન તા. ૧૦-૫-૨૦૧૭ને બુધવારના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૫-૫-૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી ૫૦૩, પ્રતિષ્ઠા એવન્યુ, ખ-રોડ, સરગાસણ-ગાંધીનગર ખાતે રાખેલ છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ પૂંજાભાઈ ઈશ્વરદાસ, ઉ.વ. ૮૨
- સ્વ. લાલસિંહ જુજારસિંહ વાઘેલા, ઉ.વ. ૩૫
- સ્વ. શિલ્પાબેન કિશનસિંહ ડાભી, ઉ.વ. ૨૧
- સ્વ. ફાલ્ગુન પૂનમચંદ અનજાન, ઉ.વ. ૪૧
- સ્વ. ધનીબેન શિવજીભાઈ પટેલ, ઉ.વ. ૭૭
- સ્વ. મગનભાઈ સોમાભાઈ રાઠોડ, ઉ.વ. ૭૫
- સ્વ. વિપુલસિંહ પૃથ્વીસિંહ પરમાર, ઉ.વ. ૧૮
- સ્વ. શિલ્પાબેન મનુજી સોઢા, ઉ.વ. ૧૫
- સ્વ. સોનાજી હરસંગજી ઠાકોર, ઉ.વ. ૭૦

# હવે સાઈના જિન્માસ્ટિક કોચની પણ બદલી કરાઈ

**જિન્માસ્ટિક કોચ યુ.પી. ચૌહાણ પર જુનિયર ખેલાડીના શારિરીક છેડછાડના આક્ષેપના પગલે બદલી કરાઈ હોવાની ચર્ચા**

ગાંધીનગર, તા.૧૩

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ખાતેના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરના રિજીયોનલ ડાયરેકટરની બદલી બાદ હવે જિન્માસ્ટિક કોચની બદલી પાછળ જુનિયર ગર્લ્સ ખેલાડીની શારિરીક છેડછાડનો તેમના પર થયેલ આરોપ જવાબદાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. યુ.એસ. ચૌહાણને ગાંધીનગરથી ઉત્તરાખંડના રૂરકી ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનું તાલિમ કેન્દ્ર જાણે કૌભાંડોનો અડ્ડો બની જવા પામ્યું હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. અગાઉ રિજીયોનલ ડાયરેકટરને શંકાના ઘેરામાં લેતું ટ્રેક શુટ કૌભાંડ ચર્ચાસ્પદ બન્યું હતું અને સાઈ ખાતે વિજીલન્સની તપાસ પણ ચાલી હતી. એવું કહેવાય છે કે આ કૌભાંડ પછી તુરંત જિન્માસ્ટિક કોચ પર જુનિયર ખેલાડી દ્વારા શારિરીક છેડછાડનો આરોપનો મામલો પ્રકાશમાં આવ્યો હતો જેની તપાસમાં ઢીલાશ વર્તવાને કારણે રિજિયોનલ ડાયરેકટરની બદલી કરવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. સાઈ સંકુલના કર્મચારીઓ તથા તાલીમાર્થી ખેલાડીઓ વગેરેમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આ કેસમાં કોચને છાવરવાના પ્રયાસ કરવાના ભાગ રૂપે તેમની બદલી કરી દેવામાં આવી હોઈ શકે છે. હવે જયારે કોચની પણ બદલી કરી દેવાતા આ શંકા વધુ પ્રબળ બનવા પામી છે. આમ એક પછી એક કૌભાંડો બહાર આવતા સમગ્ર સાઈ સંકુલમાં સોંપો પડી જવા પામ્યો છે અને કોચ આલમમાં ફફડાટનો માહોલ સર્જાયો છે.

## વાલીએ મહિલા અને બાળ આયોગમાં ફરિયાદ કરી

સાઈના જિન્માસ્ટિક કોચ ઉપેન્દ્રસીંગ ચૌહાણ દ્વારા ખેલાડીઓને તાલિમ દરમિયાન ડરાવી-ધમકાવવા સાથે પોતાના અંગત કાર્યો કરાવવા જેવા આક્ષેપો કરાઈ રહ્યા છે. વળી છોકરીઓને અલગ રૂમમા સ્ટ્રેચીંગ એકસરસાઈઝ કરાવતા અને તે સમયે શારિરીક છેડછાડ કરતા તેવો આક્ષેપ કરાયો છે. જે જુનિયર ખેલાડીએ કોચ પર આરોપ મુકયો છે તેના વાલીએ અન્ય ખેલાડીઓના વાલી સાથે મળીને મહિલા આયોગ તથા બાળ આયોગમાં ફરિયાદ નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે. જેમાં દિલ્હી ખાતે રમાયેલ એક સ્પર્ધા દરમિયાન રાત્રે ચૌહાણે ખેલાડીની છેડતી કરી હતી અહીં તેમણે છોકરી હોવા છતા ફરિજીયાત શોર્ટસ પહેરીને સુવાનો આગ્રહ રાખ્યો હતો. છેડતી કરતા તેમને જે જુનિયર બોય ખેલાડી જોઈ ગયેલો તેના પર ગાંધીનગર આવી કેમ્પસમાં ચોરી કરવાનો આરોપ મુકી તેને તાલીમમાંથી કાઢી મુકી એ પ્રતિભાશાળી ખેલાડીને ડરાવી કારકર્દી રૂંધવા પણ પ્રયાસ કર્યો હતો તેવો તે ખેલાડીએ આક્ષેપ કર્યો છે.